નમસ્કાર ગાંધીનગર

પમરાટ

કોમળ છું, કાંટાળો છું; માણસ જેવો માણસ છું.
પોચટ છું, પથરાળો છું; માણસ જેવો માણસ છું.
આકાશે અણથક ઊડવું, આ ધરતી પર તરફડવું;
ઘાયલ છું, પાંખાળો છું; માણસ જેવો માણસ છું.

- ભગવતીકુમાર શર્મા

પાથેય

સમયની ખાતાવહી...

- રમેશ ઠક્કર

આપણી પાસે ભૌતિક સંપત્તિ અલગઅલગ હોઈ શકે પણ સમયની સંપત્તિમાં આપણે સહુ સરખા છીએ..ના કોઈ ગરીબ ના તવંગર...માણસની પરખ ભૌતિક સાધનોના ઉપયોગમાં નહીં પણ પોતાને મળેલી સમયની મૂડીના ઉપયોગની આવડત ઉપર રહેલી છે.

એવું કહેવાય છે કે જે માણસને પોતાનો સમય વાપરતાં આવડતું નથી એને બીજું કશું જ આવડતું હોતું નથી..આપણે નાણાંની બચત કરીએ છીએ..જમીન ઘરેણાં વગરેની સાચવણી કરીએ છીએ..સમયની પણ એક બચત હોય છે..એનો પણ 'સેવિંગ પ્લાન' હોઈ શકે એ આપણને સૂઝતું નથી.

એક કચેરીમાં ક્લાર્ક હોય કે ઉચ્ચ અધિકારી બંને પાસે સમય તો ચોવીસ કલાક જ હોય છે..ફરક એ સમયને કઈ રીતે વાપરે છે એનો હોય છે..કોઈ માણસ દિવસ દરમિયાન દસ બાર કલાક સળંગ કામ કરી સ્ફૂર્તિમય રહી શકે છે..બીજી વ્યકિત ત્રણ ચાર કલાકના કામ પછી પણ વૈતરું કર્યાનો અનુભવ કરી નિસ્તેજ લાગે છે..સમયનો ઉપયોગ કરનારની પસંદગી અને અભિગમ મહત્વનો છે....

આપણે મોટાભાગે આડેધડ આયોજન કરતા રહીએ છીએ. સફળ માણસો ટાઈમ ને ટાઈટ રીતે નિભાવે છે..લાંબી મુસાફરીના આયોજનમાં દિવસો સુધી મથામણ કરી માંડ બહાર નિકળીએ ત્યાં ખબર પડે કે ઘરમાં નળ ચાલુ રહી ગયા કે બંધ કર્યા એ તો જોયું જ નહીં ! આ નાનકડી ભુલ મોંઘીદાટ મુસાફરીનો આનંદ લેવા દેતી નથી..યોગ્ય,સમયે યોગ્ય કામ પુરૂં કરવામાં આર્ટ છે..આપણે ત્યાં કહેવત છે કે ખાળે ડૂચા અને દરવાજા મોકળા..!

આપણો ઘણોખરો સમય આપણી અણઆવડતને કારણે વેડફાઈ જતો હોય છે...અને બાકીનો સમય એના કારણે કામ બરાબર ના થયું એ વસવસામાં વીતી જાય છે..! જે માણસ પોતાને મળેલી પળોને નગદ નાણાંની માફક બરાબર ઉપયોગમાં લે છે એનું કામ આપોઆપ દીપી ઉઠતું હોય છે..અને વસવસાનો જે વિલાપ હોય છે એ સમય બગડતો નથી ! ફાજલ સમયમાં એ અન્ય કરતાં થોડાંક વધુ કામ કરી લેતો હોય છે.

સમયની કેપ્સ્યુલ જો યોગ્ય રીતે લેવામાં આવે તો જીવનની તંદુરસ્તી આપોઆપ જળવાય છે....આવકની અસમાનતા એ કદાચ માનવજાતનો પ્રશ્ન છે પણ ઈશ્વરે સમયની અસમાનતા રાખી નથી એ મોટી તક આપણા માટે છે..આપણો અગ્રતાક્રમ...નકામાં અને બિનજરૂરી કામોનું વળગણ કે બેધ્યાનપણે થતું આયોજન કદાચ સમયના વેડફાટ માટેનાં મહત્વનાં પરિબળો છે.

આપણે એવું કહીએ છીએ કે સમય સમય બલવાન હૈ નહી મનુષ્ય, બલવાન. પણ હકિકતમાં સમય નથી બળવાન કે નથી નિર્બળ.. સમય એક જ ક્વોલિટીનો એક જ ટ્રેડમાર્કનો બધાને મળે છે... વરસાદ જેમ બધે એકધારો પડે છે એમ..દરેક છોડની ઉગવાની જેમ અલગઅલગ ગતિ છે એવું જ આમાં પણ છે... સમયને ઉપયોગ કરનારના બળ અને કળ ઉપર જ એની શક્તિનું માપ નિકળતું હોય છે. અમને સમય મળતો નથી..તમે કઈ રીતે આટલો સમય કાઢો છો? તમને ટાઈમ હોય અમને તો નવરાશ જ નથી મળતી. આવું બધું કહેનારા લાખો કલાકો બગાડનારા હોય છે. પૈસાની પાસબુક નિયમિત અપડેટ કરનાર આપણે સહુ જો ટાઈમની ખાતાવહી પણ જોતા રહીએ તો એના જમાઉધારમાં જ જિંદગીની ખુશીઓ ઝગમગતી હોય છે...!

જનરલને અશ્રુભરી વિદાય

તંત્રીસ્થાનેથી...

'ન જાણ્યું જાનકીનાથે...' વાળી ઉક્તિ જયારે નજર સમક્ષ સાકાર થતી લાગે ત્યારે વિષાદ તો થાય જ. જનરલ બિપિન રાવતની અણધારી વિદાયથી દેશ આખો દિગ્મૂઢ થઈ ગયો છે. સેનાના જ એક નિવૃત્ત બ્રિગેડિયર સુધીર સાવંતથી લઈ સંસદ સુબ્રમણ્યમ સ્વામીને હેલિકોપ્ટર ક્રેશ થઈ ગયું એમાં કાવતરાની ગંધ આવી છે. બ્રિગેડિયર સુધીર સાવંતે એલટીટીઈ સાથે મળીને આઈએસઆઈએ આ ષડયંત્ર કરાવ્યું હોવાની શંકા વ્યક્ત કરી છે. કશું જ અશક્ય નથી. પૂરી તપાસ થવી જોઈએ અને આવું સો ટકા સલામત ગણાતું તેમજ વીવીઆઈપી મૂવમેન્ટ માટે વપરાતું ચોપર ફક્ત મિનિટોની ઉડાન પછી તૂટી પડે તે સામાન્ય માણસથી લઈ લશ્કરી નિષ્ણાતોની સમજમાં પણ જલદી ન ઊતરી શકે એવી કરુણાંતિકા છે. 'ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ' જેવો સર્વોચ્ચ સૈન્ય હોદ્દો ધરાવતા શૂરવીર જનરલના નશ્વર દેહનું સન્માન કરવા ખુદ વડાપ્રધાન સામા પગલે એરપોર્ટ પર જાય તે સેનાનું મનોબળ તો વધારનારી બાબત છે જ; એથી મોદીની રાષ્ટ્રીય પ્રતિભા પણ વધારે ઉજાગર થાય છે. મોદી દિવાળી જેવા તહેવારો સૈનિકો સાથે ઊજવતા રહ્યા છે. એથી પ્રજામાં પણ એમની મૂઠી ઊંચેરી ઈમેજ બંધાઈ છે. સરહદોની સુરક્ષા પાછળ જિંદગીનાં સુવર્ણ વર્ષો હોમી દેનારા જનરલ રાવત જેવા બહાદુર વીર યોદ્ધાને તો 'ભારત રત્ન' આપવામાં આવે તો પણ ઓછું લેખાશે. આશા રાખીએ કે કેન્દ્ર સરકાર એ દિશામાં પણ કંઈક વિચારશે. સામાન્ય નેતાના મૃત્યુ પાછળ ધ્વજ અરધી કાઠીએ ફરકાવી દેવાય છે. સેનાની ત્રણે પાંખોના સર્વોચ્ચ સર સેનાપતિના આવા કરુણ દેહાંત પછી એક દિવસનો રાષ્ટ્રીય શોક પળાયો હોય તો એ યોગ્ય જ ગણાત. જો કે રાવત જેવા કર્મઠ સૈનિકને શ્રદ્ધાંજલિ આપવાના તો ઘણા વિકલ્પો વિચારી શકાય. વડાપ્રધાન સેનાના વરિષ્ઠ પદાધિકારીઓ સાથે વિચાર વિમર્શ કરીને જરૂર કોઈ સુયોગ્ય સ્મારકનો પ્રબંધ કરશે જ. સેના માટેના શોકના દિવસે રાજસ્થાનના રાજમહેલમાં શાહી ઢબે જાણીતાં ઍક્ટર દંપતીનાં લગ્ન યોજાયાં. મરણ અને પરણ ક્યારેય અનિવાર્ય સંજોગોને કારણે સમાંતરે ચાલતાં રહે છે. આશ્વાસક પ્રેરક ખેડૂત આંદોલન સમેટાયાની ઘટના પર ધ્યાનાર્હ છે. પ્રલંબ આંદોલન પછી પંજાબ, હરિયાણા અને ઉત્તરપ્રદેશના ખેડૂતો એમના તંબૂ-ડેરા સંકેલી ઘર ભણી પ્રયાણ કરી રહ્યા છે તે ખેડૂતોના વિજય કરતાં મોડે મોડે સરકારને સૂઝેલા શાણપણનું પરિણામ છે. ખેડૂતોના તમામ સંદેહનું સમાધન કરી સરકારે રીતસરના પારોઠમાં પગલાં ભરી દીધાં તે ખેડૂતો ઉપરાંત આખા દેશનાં હિતમાં છે. ખેડૂત નેતાઓ તો 'કાળા કાયદા' પાછા ખેંચી લેવાયા પછી પણ સરકારની નીયત પર શંકા કરતા હતા. આખરે સરકારે એમની તમામ માગણીઓ સ્વીકારી લીધી અને ટેકાના ભાવ સંદર્ભે પણ એમના પ્રતિનિધિઓ સાથેની સમિતિ બનાવવાનું વચન આપ્યું છે. વળી જયાં પણ ખેડૂતો વિરુદ્ધ કેસો થયાં હતાં ત્યાં એ પાછા ખેંચી લેવાના આદેશો પણ કરાયા છે. 'શહીદ' ખેડૂતોને વળતર આપવાના મુદ્દે પણ રાજય સરકારોને સૂચના અપાઈ ગઈ છે. પંજાબ સરકારે તો વળતર ચૂકવવાનું ચાલુ પણ કરી દીધું છે. દેખીતી રીતે જ ખેડૂતો સામે કેન્દ્ર સરકારે શરણાગતિ સ્વીકારી લીધી છે. ઉત્તરપ્રદેસ અને પંજાબની ચૂંટણી પર આંદોલનની ઘેરી અસર પડવાની સંભાવના હતી એ વડાપ્રધાન અને ગૃહપ્રધાનની જોડીએ સમજાયું છે. રાજકારણમાં કયારેક વ્યૂહાત્મક પીછેહઠ પણ કરવી પડતી હોય છે. મોદીએ ખેડૂતો સમક્ષ આવી ગણતરીપૂર્વકની પીછેહઠ કરીને એમના ઉદ્યોગપતિ મિત્રોને થોડા નારાજ જરૂર કર્યા હશે, પમ સત્તા ટકશે તો મિત્રોને તે બીજી કોઈ રીતે એનું સાટું વાળી આપી શકાશે ! સૌથી મોટી ચિંતા આફ્રિકન કોરોના વેરિયન્ટ તબાહી ન મચાવે એ અંગેની છે. હજી ઓમિક્રોન વિશે નક્કર અભ્યાસ થયો નથી ત્યાં સુધી કોરોના પ્રોટોકોલ પાળતાં પાળતાં અર્થતંત્રની ગાડી પણ પાટા પર ચડેલી રહે તે જોવું પડશે.

કોરોનાનો ટેસ્ટ કરાવવો ફરજીયાત છે?

કોરોના ટેસ્ટ કરાવ્યા પછી દવાખાનામાં દાખલ થવું, જો પોઝીટીવ હોય તો દવાખાનામાં દાખલ થવું જ પડે ?

આજે બધા જ હાજર હતા. ડાહ્યાલાલ, ગાંડાલાલ, વિપુલ અને નિલેષ. બધા જ હાજર થઈ ગયા હતા. આજે ડાહ્યાલાલના ઘરેથી ચા-નાસ્તો સ્પોન્સર થયો હતો. આપણે બધા સારી-સારી વાતો કરીએ છીએ પણ લુખ્ખા-લુખ્ખા કરીએ છીએ પણ એ વારાફરતી બધાના ઘરેથી ચા-નાસ્તો આવશે. ડાહ્યાલાલે કહ્યું - મહેફિલમાં મજા તો જ આવે કે કંઈક પેટમાં પડે. ગાંડાલાલ બોલ્યા - આ ઓમિક્રોન વાયરસ એ તો સુરસુરીયું થઈ ગયું ? ડાહ્યાલાલે કહ્યું, - ના ગાંડાલાલ એવું નથી. ઓમિક્રોન વાયરસ એ કોરોનાનો જ વાયરસ છે પણ એમાં એના ઝિનોટાઈપ બદલાઈ ગયા છે. એટલે કે એ વાયરસના પ્રોટીનમાં ઘણા બધા બદલાવ થયા છે. હવે એ વાત છે કે આ વાયરસનો ચેપ લાગવાથી માનવજાત ઉપર એની શું અસર આવે છે એ અગત્યનું છે, અત્યારે દુનિયાના ૩૨ દેશોમાં ઓમિક્રોન વાયરસ મળી આવ્યા છે. હજુ એમાં નિષ્ણાતોની જાત બદલાઈ રહ્યા છે. ઓમિક્રોન કોરોના વાયરસ પહેલાના કોરોના વાયરસ કરતા વધારે ઘાતક નથી એવું સામાન્ય રીતે અત્યારે વૈજ્ઞાનિકો કહ્યું છે. પહેલાંના કોરોના વાયરસમાં ક્યારેક કોરોનાનો ચેપ લાગે ત્યારે એ વાયરસની અસર વધારે પડતી ફેફસા ઉપર થતી હતી. વાયરસ ફેફસામાં પોતાનો વિકાસ કરીને ફેફસાને બંધ કરી દેતો હતો. જેના લીધે શ્વાસ લેવામાં દર્દીને ખૂબ જ તકલીફ પડતી હતી અને ફેફસાને પ્રાણવાયુ ના મળતા શરીરના અંગો જેવા કે મગજ, કીડની, લીવર ઉપર અસર થતી. અને એના હિસાબહે આ અવયવો પોતાનું કામ કરવાનું બંધ કરી દેતા જેના લીધે દર્દીનું મૃત્યુ થતું. અને આ કોરોના વાયરસ વધારે ચેપી હતો જેણે લીધે લાખો લોકોના કરુણ મોત થયા. હવે ઓમિક્રોન વાયરસમાં શું છે ? આ વાયરસ પણ વધારે પ્રમાણમાં ચેપી છે પણ આ વાયરસની અસર ફેફસા પર ઓછી થાય છે. દર્દીને ઓમિક્રોન વાયરસનો ચેપ લાગતા દર્દીને તાવ આવે છે. શરીરના સાંધા દુઃખે છે વધારે પ્રમાણમાં અશક્તિ લાગે છે અને શરીરના સ્નાયુઓ ખેંચાય છે. આ વાયરસ વધારે પ્રમાણમાં ઝડપથી ફેલાય છે. વધારે પ્રમાણમાં લોકોને ભરખી જાય છે પણ ફેફસામાં એનો ચેપ ખૂબ જ ઓછો લાગે છે. તેના લીધે માણસનું મૃત્યુ થવાની શક્યતા ખૂબ જ ઓછી છે. ગાંડાલાલથી રહેવાયું નહીં તો તે હવે કોરોનાની ટેસ્ટ કરાવાની જરૂર જ નહીં. કારણ કે તાવ આળવો, શરદી થવી એ તો કોઈ પણ વાયરસમાં થાય છે ગાંડાલાલ બોલ્યા, અહીંયા જ આપણી ભૂલ થાય છે. ભલે ઓમિક્રોન વાયરસથી લોકો મરતા નથી. પણ એનો ફેલાવો ઝડપથી થાય છે. તમારા ઘરમાં એકને જો ચેપ લાગે તો બીજાને ચેપ લાગવાની શક્યતા વધુ રહે છે. એટલે કોઈ પણ પ્રકારનો તાવ આવે તો કોરોનાનો ટેસ્ટ અચુક કરાવી લેવો. તેનાથી સાચું નિદાન થાય અને બીજા માણસો બચી શકે. તમારો ટેસ્ટ નેગેટીવ આવે તો તમે બીજાને તમારાથી કોઈ પણ જાતની તકલીફ નહીં થાય એની ગેરંટી મળે છે. જો કે કોઈ પણ પ્રકારની શરદી બીજાને થઈ શકે છે. એટલે શરદી થાય તો પણ તમારી જાતને અમુક બીજા બધાથી અલગ કરશો. ભલે તમારે કોરોના ટેસ્ટ ન કરાવવો હોય તો પણ તમારે પોતાની જાતને બીજાથી અલગ કરી લેવી.

હવે વાત થાય કે જો કોરોના પોઝીટીવ આવે તો દાખલ થઈ જવું જ પડે ? તો એનો જવાબ છે ના. જો તમારે ઓક્સિજન લેવલ ખરાબ હોય. શ્વાસ લેવામાં તકલીફ ના પડતી હોય તો તમારે દાખલ થવાની જરૂર નથી. ભલે તમારો કોરોના ટેસ્ટ પોઝીટીવ હોય. ટૂંકમાં કોઈ પણ તાવમાં કોરોનાનો ટેસ્ટ કરાવી લેવો જોઈએ...

દિન મહિમા

- આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ વર્ષ ૨૦૦૨ને સંયુક્ત રાષ્ટ્ર સંઘે આંતરરાષ્ટ્રીય પર્વત વર્ષ જાહેર કર્યું હતું. આજ દિવસ પર્વત વિકાસ સાથે સંબંધિત એક અલગ થીમ સાથે દર વર્ષે મનાવાય છે.
- વિશ્વનાથ આનંદનો જન્મદિવસ
  ભારતના પ્રસિદ્ધ ચેસ ખેલાડી વિશ્વનાથ આનંદનો જન્મ આજ રોજ ૧૯૬૯માં તમિલનાડુમાં થયો હતો. તેમણે પહેલી વખત ઈ.સ. ૧૯૮૭માં વર્લ્ડ જુનિયર ચેસ ચેમ્પિયનશીપ જીતી અને આ જીતનાર તે પ્રથમ ભારતીય હતા.

આજનું ઔષધ

- દહીં સાથે પાકા કેળા ખાવાથી આંતરડાની નબળાઈ મટે છે

ખડખડાટ

- રાજકોટમાં - ૧૨ કેસ
  જામનગરમાં - ૨૪ કેસ
  ભાવનગરમાં - ૧૮ કેસ
  ગાંધીનગરમાં - ૩૪ કેસ
  અમદાવાદમાં - ૬૬ કેસ
  વલસાડમાં - ૩૨ કેસ
  ઉપર આપેલો આંકડો કોરોનાનો નથી પણ લગ્ન પ્રસંગે રિસાયેલા સંબંધીઓનો છે.

આજનો વોટ્સએપ

- 'સફળતા અને આનંદ'માં શું ભેદ છે?
  સફળતા નશો છે અને આનંદ અનુભૂતિ છે.
  નશો હંમેશા રહેતો નથી પરંતુ અનુભૂતિ અવિરતપણે રહે છે.

વિચાર

- પોતાના અંતરાત્માના સંકેત અનુસાર ચાલવું તે યશસ્વી થવાનો સૌથી સહેલો ઉપાય છે

- એલિસ્ટર સીન્કલેર

ગાંધી વિચારની ઝળહળતી પ્રતિભા : ઉછરંગરાય ઢેબર

ગાંધીજીના સાનિધ્યમાં જેઓ ઘડાયા અને ગાંધીની વિદાય પછી પણ એકજહ નિષ્ઠાથી ગાંધીને માર્ગે ચાલ્યા હોય તેવા જૂજ નેતાગણમાં સૌરાષ્ટ્રના ઉછરંગરાય ઢેબરનો સામાવેશ થાય છે. વહીવટી બાબતોમાં ગાંધીજીની સાદગી તથા સરદાર સાહેબની દ્રઢતાનો સુભગ સમન્વય ઢેબરભાઈમાં થયેલો જોઇ શકાય છે. ૧૯૦૫ના સપ્ટેમ્બર માસની એકવીસમી તારીખે ઢેબરભાઈનો જન્મ તેમના મોસાળના ગામમાં થયો હતો. જામનગર જિલ્લાનું ગંગાજળા ગામ એ તેમનું જન્મસ્થાન હતું. ઢેબરભાઈના પિતા નવલશંકરભાઇ મહાત્મા ગાંધીના સહાધ્યયી હતા. કિશોર વયના ઢેબરભાઈ યુવાન થયા ત્યાં સુધી મુંબઇ રહ્યા અને કાયદાનો અભ્યાસ કર્યો. હાઈકોર્ટ પ્લીડરની કસોટીમાં પાર ઉતરીને તેઓએ રાજકોટમાં વકીલાત શરૂ કરી. તેઓની છાપ એક બાહોશ તેમજ નિષ્ઠાવાન વકીલ તરીકે હતી. ત્યારબાદ ઢેબરભાઈ ૧૯૪૮ થી ૧૯૫૪ સુધી સૌરાષ્ટ્રના મુખ્યમંત્રી પદે રહ્યા. ૧૯૫૫માં તેઓ દેશની તે સમયની સૌથી મજબૂત ગણાતી કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ થયા. આ રીતે પંડિત નહેરુનો ભાર તેમણે હળવો કર્યો. કોંગ્રેસ પ્રમુખ તરીકેની તેમની પસંદગી સ્વાભાવિક રીતેજ પંડિત જવાહરલાલ નહેરુએ કરી હતી.

તેઓ હમેશા ઢેબરભાઈ નામથીજ જાણીતા બન્યા. ઢેબર એ તેમની અટક હતી. ઢેબરભાઈ ગયા તેને ચાર દાયકાથી વધારે સમય થયો. આજની સ્થિતિમાં તેમનું સ્મરણ કરવાનું કોઈ ખાસ કારણ હોઈ શકે ? આવો પ્રશ્ન કદાચ થાય તો તે અસ્થાને નથી. ઢેબરભાઈની જ્યારે વાત કરીએ છીએ ત્યારે તેમના કેટલાક સ્વભાવગત તથા સહજ ગુણોનું સ્મરણ કરીએ છીએ. જાહેર જીવનમાં કે વ્યક્તિગત જીવનની ઉચ્ચતમ નિષ્ઠામાં આજે પણ ઢેબરભાઈના વિચારો તથા રહેણી કરણીનું સંપૂર્ણ મહત્વ છે. જીવન જીવવાનું અને કાર્ય કરવાનું આ એક એવું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે કે ગમે તે કાળમાં તે સંદર્ભયુક્ત છે. માર્ગદર્શક તથા પ્રેરક બને તેવું છે. માટે આ ગુણદર્શનનું દરેક કાળમાં મહત્વ છે. ગાંધીજીના જીવનની જેમ ઢેબરભાઈના જીવન પર પણ ટોલ્સટોયના વિચારોની ઊંડી અસર હતી. ઉપરાંત ભગવદ્ ગીતા એ તેમના પ્રેરણાના સ્રોત સમાન હતી.

તેમના જીવનમાં ૧૯૨૭ થી ૧૯૩૬નો ગાળો એ સફળ વકીલનો રહ્યો. પરંતુ આ વ્યવસાયમાં પણ કેટલાક મૂળભૂત ધોરણો કે સત્ય તેમજ ન્યાયપ્રિયતાના ધોરણો ન જાળવી શકાય તો ઢેબરભાઈને એ ધીકતી કમાણીનો લોભ સહેજ પણ ન હતો. વ્યવહારમાં વકીલાતના ભિન્ન ભિન્ન કેસોમાં અસીલોની અપેક્ષા ગમે તે ભોગે કેસ જીતવાની રહેતી હતી. પરિણામે તેઓ આ કમાણી આપતા વ્યવસાયને છોડવા તૈયાર થયા. ગાંધીના રાજકોટ આગમન સમયે તેમની સાથે મુલાકાત થઈ. બાપુ સો ગરણે ગાળીને પાણી પીવા વાળા ચોક્કસ માણસ હતા. ગાંધીજીને લાગ્યું કે ઢેબરભાઈએ વકીલાત છોડવાનો નિર્ણય ઉતાવળે કરેલો છે. આથી બાપુએ ઢેબરભાઈને વકીલાત છોડવાનું કારણ પૂછ્યું. ઢેબરભાઈએ સ્પષ્ટ શબ્દોમાં વકીલાતના વ્યવસાયમાં પોતાને થતી માનસિક અસુવિધાની વાત બાપુને સમજાવી. ઉપરાંત તેમણે બાપુને કહ્યું કે તેઓ રાજકારણમાં જવાના બદલે ગામડામાં જઇ રચનાત્મક કાર્યો માંગે છે. જો કે ઢેબરભાઈની શક્તિ તેમજ તે સમયની જરૂરિયાતને લક્ષમાં રાખી ગાંધીજીએ તેમને રાજકોટમાંજ રહેવા જણાવ્યું. બાપુનો આદેશ એ ઢેબરભાઈને મન આખરી હતો.તેઓ રાજકોટમાંજ સ્થિર થયા. રાજકોટ એ ખરા અર્થમાં તેમની કર્મભૂમિ સમાન બન્યું. કોઈપણ વ્યવસાય કે જેમાં કમાણીની સારી તક હોય છતાં માત્ર સિધ્ધાંત ખાતર આત્માના અવાજને અનુસરીને તેને તિલાંજલી આપવી તે વાત સાંપ્રત સમયમાં આશ્ચર્ય થાય તેવી છે. કદાચ એ કાળનો માહોલ જૂદો હશે તેમ પણ માની શકાય. મહાત્મા ગાંધીએ ધીકતી કમાણી કરતી વકીલાતનો વ્યવસાય છોડીને આફ્રિકામાં આશ્રમ જીવન શરૂ કર્યું. મોરારજીભાઈએ પણ મહેસૂલ વિભાગના ઉચ્ચ અધિકારીની નોકરી છોડીને સ્વાતંત્ર્યની લડાઇના સૈનિક બન્યા. નજીકના ભૂતકાળમાં જોઈએ તો કિરીટભાઈ જોશી ભારતીય વહીવટી સેવાની ફરજમાંથી રાજીનામું આપીને મહર્ષિ અરવિંદની વ્યવસ્થા તેમજ વિચારસરણીને અનુરૂપ જીવન જીવવાનું નક્કી કર્યું અને તે રીતે સમર્પિત જીવન જીવી ગયા. ઢેબરભાઈ પણ આજ પરંપરાના એક ઉજળા ઉદાહરણ સમાન છે. જીવન જીવવાનો એક અભિગમ નક્કી કર્યા પછી ગમે તે ભોગે તેને વળગી રહેવાની આ વૃત્તિએ જગતને ઉમદા તથા ઉપયોગી માણસોની ભેટ આપી છે. ગાંધીજી તથા સરદારના નેતૃત્વ હેઠળ ૧૯૩૯માં રાજકોટ સત્યાગ્રહ થયો તેમાં પણ ઢેબરભાઈનો મહત્વનો ફાળો હતો. કાઠિયાવાડ (સૌરાષ્ટ્ર)ના રાજકારણની કેટલીક વિશિષ્ટતાઓ હતી જેનો ઊંડો અભ્યાસ ઢેબરભાઈને હતો. આથીજ સૌરાષ્ટ્રના નાના રજવાડાઓને આસપાસના મોટા રજવાડાસાથે ભેળવી દેવાની દિલ્હીમાં ઉચ્ચ અધિકારીઓએ કરેલી વાત ઢેબરભાઈને ગળે ન ઉતરી. તેમણે પોતાના મતની તાર્કીક્તા પૂરવાર કરતા કહ્યું કે દેશી રાજયોનું કોન્ફેડરેશન કરવાની જામ સાહેબની યોજના આપણે માન્ય કરી ન હતી તો આ યોજના કેમ કરી શકાય ? દિલ્હીમાં બેઠેલા વી. પી. મેનન અને બીજા સચિવોની વિચારેલી આ યોજના હતી, પરંતુ ઢેબરભાઈના વિચારો સાથે સંમત થઈને સરદાર સાહેબે આ યોજનાનું અમલીકરણ થતું અટકાવ્યું હતું. સમયે કરવટ બદલી. ભાવનગરના ઉમદા વિચારો વાળા રાજવી કૃષ્ણકુમારસિંહજીએ ગાંધીજીના ચરણોમાં પોતાનું રાજ્ય ધરી દીધું. ભાવનગરનું પ્રેરક ઉદાહરણ તેમજ સરદાર સાહેબની દ્રષ્ટિને કારણે દેશી રજવાડાઓ સ્વતંત્ર દેશનો અભિન્ન ભાગ બન્યા. જૂનાગઢ નવાબની બેજવાબદારીને કારણે ઊભી થયેલી સ્થિતિને શામળદાસ ગાંધી તેમજ સૌરાષ્ટ્રના અન્ય અગ્રણીઓ કુશળતાથી સંભાળી શક્યા. આમ અંતે અનેક મણકાઓમાં વિખરાયેલું સૌરાષ્ટ્ર એક સુગ્રથિત માળામાં પરિવર્તીત થયું. રાજ્યની રચના થયા પછી પણ ઢેબરભાઈના નેતૃત્વ સાથે સૌરાષ્ટ્ર સરકારે વહીવટમાં પ્રજાકલ્યાણલક્ષી સરકારનો અનુભવ કરાવ્યો.

આપણી ઓળખ... 'જે પીડ પરાઇ જાણે રે....'

ધબકતા ગુજરાતની એક જ લીટીમાં જો ઓળખ આપવી હોય તો ? ગુજરાત એટલે વૈભવ ? લાંબા પટે વિસ્તરેલો દરિયો ? ગરબાની રમઝટ ? ભાતીગળ મેળાઓ ? ઘણું બધું કહી શકાય... પણ જો કોઈ એક જ કાવ્યપંકિતથી આખા ગુજરાતને પોંખવું હોય તો એ શબ્દો છે... 'જે પીડ પરાઈ જાણે રે...!' આ શબ્દોને સમજવા માટે નરસિંહ જેવું નિર્મળ હદય હોવું જરૂરી છે.

'હું ગૂર્જર ભારતવાસી' એવું ઉમાશંકર જોશીએ કહયું છે..જયાં જયાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત એમ પણ કહેવાય છે..ઘસાઈને ઉજળા થવાની અહીં પરંપરા છે..સેવા અને પરોપકાર એ ગુજરાતીઓ માટે સહજ છે..ગુજરાતી કવિતાનું ઝરણું નરસિંહના પ્રભાતિયાથી ફૂટયું છે..બીજાના દુઃખમાં સહભાગી થવાની એની સહજ ભાવનાને નરસિંહે આ એક જ લીટીમાં ગજબ રીતે શબ્દબધ્ધ કરી છે...

નરસિંહ મહેતા એટલે ગુજરાતી કવિતાનું હદય... છસ્સો વરસ પછી પણ એમની કવિતાના ધબકાર જીવંત છે..એમનો કાર્યકાળ ઈ.સ.૧૪૦૪ થી ઈ.સ.૧૪૮૧ સુધી..ગુજરાતી ભાષા માટે એ મધ્યકાળ ગણાય છે..નરસિંહ એ માત્ર કવિ નથી, ભકત પણ છે..એનાં પ્રભાતિયાં થકી ગુજરાતનું ગગન ઉગે છે..આપણે શું જાણીએ છીએ એના વિશે..?

એવું કહેવાય છે કે નાનપણથી જ એનામાં વૈરાગ્યનો એક ભાવ હતો..ભાભીના એક મ્હેણાથી એનું કોમળ હદય વિંધાઇ ગયું..એમાં ભકિતની અલૌકિક સરવાણી ફૂટી..એમાંથી પ્રભાતનાં પુષ્પો જેવાં પદ અને પ્રભાતિયાં ટપકતાં રહયાં...ભજનની ધારા વહેતી રહી..પાંચસો વરસ પછી પણ ગુજરાતનુ પ્રભાત નરસિંહ નામના કવિથી કાવ્યમય બને છે..મહાત્મા ગાંધીજી એ 'વૈષ્ણવજન...' થકી આખા જગતને અભિભૂત કરી દીધું હતું... શબ્દોની આવી તાકાત બહુ ઓછા સર્જકો પાસે હોય છે..

નરસિંહ મહેતાનો જન્મ ભાવનગર પાસેના તળાજામાં... પિતાનું નામ કૃષ્ણ દામોદર મહેતા..માતા દયાકુંવરબાઈ..એ વડનગરા નાગર..જાણીને નવાઈ લાગશે પણ એમની મુળ અટક હતી પંડયા..! એનો પણ રસપ્રદ ઈતિહાસ છે..નરસિંહનું કવન તો અદ્ભુત છે, એનું જીવન પણ એટલું જ અવનવું છે..

ઈ સ.૧૩૦૦ આસપાસ તળાજામાં ચુડાસમા રાજવી નાગાર્જુનનું શાસન હોય છે...ત્યારે નરસિંહના એક વડવા નામે ગદાધર પંડયા રાજાની આજ્ઞાથી ત્યાં આવી વસે છે... એમનો વંશવેલો આગળ ચાલે છે... નાગરો યજમાન વૃતિ નથી કરતા... નરસિંહના વડવાઓએ આજીવિકા માટે વેપાર પણ કરવા માંડયો..રાજાએ ખુશ થઈ એમને બે ગામો જાગીર તરીકે આપ્યાં... ઈશ્વરપુરા અને મહાદેવપુરા... એ રીતે મહેતાગીરી કરતું કુટુંબ ક્રમશઃ મહેતા તરીકે જાણીતું થયું... એમના દાદા પુરૂષોત્તમની પેઢી સુધી તો પંડયા અટક ભૂતકાળ બની ગઈ.

નરસિંહ ભકત હોવાની સાથે જ અભ્યાસી પણ હતા..પ્રસિધ્ધ કવિ જયદેવની કૃતિ 'ગીત ગોવિંદ' એણે નાનપણમાં જ બરાબર આત્મસાત કરી હતી... એમાંથી જ આવ્યો શૃંગાર રસ અને ગોપી ભાવ... શરૂઆતમાં નરસિંહે પ્રચૂર શૃંગારકાવ્યો લખ્યાં... આજે આપણને નવાઈ લાગે પણ નરસિંહ મહેતા એ અનેક રોમેન્ટિક કહેવાય એવાં ગીતો લખ્યાં છે..એ કૃષ્ણમય ભકત હતા..ગોપી ભાવ ધારણ કરી એમણે એ ઉર્મિઓને ઝીલી છે... એમનો શૃંગારરસ ભકિતનો લેપ પામી પછી અધ્યાત્મના રંગો ધારણ કરે છે.

પાંચ વર્ષની ઉંમર થાય એ પહેલાં નરસિંહે માતા પિતા ગુમાવી દીધાં હતાં..એમના વડવાઓ બધા શૈવ પંથી હતા... નાનપણથી નરસિંહને બોલાવામાં તકલીફ પડતી..એ લગભગઅવાચક હતા.એમને વાચા ફૂટી ન હતી..પાંચ વરસના નબાપા આ બાળકને એક સંત મળે છે. એમનું નામ ગોવિંદસ્વામી..એ ચમત્કારિક રીતે આ બાળકને બોલતો કરે છે..એનામાં એક ચમત્કારિક વાણી ફૂટે છે..સ્વામી કૃષ્ણપંથી પ્રચંડ સિધ્ધપુરૂષ હોય છે...એમની પ્રેરણાથી એ કૃષ્ણ ભક્ત બને છે..અને ભકિત પદોથી ગુજરાતી ભાષા છલકાઈ જાય છે.

નરસિંહ મહેતા સંસ્કૃતના પણ મોટા વિદ્વાન હતા...એ પ્રાકૃત ભાષા પણ એટલી જ સારી રીતે જાણતા..આપણે જેને આધુનિક ગુજરાતી ભાષા કહીએ છીએ એ ગુજરાતી ભાષા શરૂ કરનાર નરસિંહ મહેતા છે..એ અચ્છા ગાયક હતા..શાસ્ત્રીય સંગીતના મહારથી હતા..પોતાની આ બધી પ્રતિભા થકી એમણે ગુજરાતી ભાષાને ઠરીઠામ કરી..તળાજાનું જાણીતું વૈષ્ણવ ટીલું (તિલક), હાથમાં કરતાલ,અને એક વિશેષ ટોપી, એ એમની ઓળખ બની ગયાં..એ સમયમાં પણ એમની ગુજરાતી ભાષા જુઓ...

'ભૂતળ ભકિત પદારથ મોટું,
બ્રહમલોકમાં નાહી રે..
પુણ્ય કરી અમરાપુરી
પામ્યાં,અંતે ચોર્યાસી માહી રે..'

નરસિંહનાં પત્ની માણેકબાઈ... પુત્ર શામળશા... દિકરી કુંવરબાઈ... શામળશાનાં લગ્ન વડનગરમાં થયાં. શર્મિષ્ઠા એ કુંવરબાઈનાં દિકરી હતાં. કુંવરબાઈના વિવાહમાં શામળિયાએ હૂંડી સ્વીકારી હતી એનું આખ્યાન ઘેર ઘેર ગવાય છે. એ માટે ભગવાન દામોદર દોશી નામે શેઠ બની ખુદ આવ્યા હતા. પુત્રી કુંવરબાઈની દિકરી શર્મિષ્ઠાને પણ વડનગરમાં પરણાવી. એની બે પુત્રીઓ સત્યવતી અને સાવિત્રી એ બંનેને રાગરાગિણી અને સંગીતની તાલીમ નાના નરસિંહ મહેતાએ આપેલી.. એ બંને બહેનો ઈતિહાસમાં તાના-રીરી તરીકે જાણીતી છે... વડનગરનું શર્મિષ્ઠા તળાવ આજે પણ આ બધી યાદો સમાવી બેઠું છે. તાના-રીરી સંગીત જગતમાં દિગ્ગજ નામો છે.

નરસિંહ એ આપણા આદિકવિ છે એ સાચું પણ એ પહેલાંની થોડીક ઐતિહાસિક હકિકતો જાણીએ...'કાન્હડદે પ્રબંધ' એ નરસિંહ પહેલાંનું જૈન મુનિએ રચેલું ગુજરાતી પ્રથમ કાવ્ય...એ લેખિત સ્વરૂપે યથાતથ છે..એની ભાષા બદલાઇ નથી. નરસિંહ કંઠોપકંઠના કવિ છે. એની રચનાઓ લોકમુખે ગવાતી સચવાઈ છે..એની રચવાની અધિકૃત લેખિત હસ્તપ્રત સૌ પ્રથમ ઈ.સ ૧૬૧૨ આસપાસની મળે છે..એનાં કાવ્યોની ભાષા અપડેટ થતી રહી છે..પણ મુળ કૃતિના ભાવો ,પ્રસંગો,અને બાંધણી એની એ જ ચાલતી રહી છે...એ લખે છે..એ રીતે જોઈએ તો નરસિંહની કવિતા જૈન મુનિઓ કરતાં પણ આગળ પ્રગટેલી હોવાનું જણાય છે..એ પણ કેવી અદ્ભૂત..!

'પ્રેમરસ પા ને તું મોરના પિચ્છધર..
તત્વનું ટીપણું તુચ્છ લાગે.'

ગુજરાતી કવિતામાં નરસિંહ એક વિસ્મય છે... એક આખો ભકિતયુગ એના નામે ચાલ્યો... કૃષ્ણ ભક્તિમાં લીન એણે અનેકવાર સાક્ષાત ઈશ્વરની સમીપતા અનુભવેલી... જૂનાગઢની ગીર તળેટી અને નરસિંહ જયાં દરરોજ સવારે સ્નાન કરતા એ દામોદર કુંડ..એ સત્સંગ કરતા એ ચોરો..એમની કરતાલ અને 'ભણે નરસૈયો..' નો તાલ ગુજરાતના સીમાડાઓ ઉપર સદીઓથી પડઘાતા રહ્યા છે... બીજાની વેદનાને માણસ તરીકે સંવેદવાની જડીબુટ્ટી એણે જગતને આપી અને એ થકી જો માણસ ઈચ્છે તો એનાં ઈકોત્તેર કુળનો ઉધ્ધાર પણ કરી શકે એવી હૈયાધારણ પણ આપી..!

- rrthakkar2@gmail.com